**<u>અખબારી યાદી</u>** **તા૧<u>૬.૨.૨૦૦૯</u>**

પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ તથા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આજે પ્રેસ અને મિડીયાના મિત્રોને સંયુકત રીતે સંબોધન કર્યુ હતું. આગામી વિધાનસભાના સત્રમાં કોંગ્રેસ એક જવાબદાર વિરોધપક્ષ તરીકે પ્રજાકીય પ્રશ્નોની આક્રમક રીતે રજુઆત કરશે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તદ્દન કથળી પડી છે અને ગુનેગારોને રાજય સરકાર તરફથી આશ્રય આપવામાં આવી રહયો છે. ગુજરાતના હિરા ઉદ્યોગ અને બીજા લઘુ ઉદ્યોગો મંદીના મારના કારણે પરેશાન છે તેમના માટે રાજય સરકાર કાંઈજ પણ કરતી નથી અને મોટા ઉદ્યોગકારો માટે પ્રજાની તિજોરી લૂંટાવી રહી છે. જયારે માનીતા ઉદ્યોગપતિઓને કરોડો રુપિયા આપવા હોય છે ત્યારે માન. મુખ્યમંત્રીશ્રી ગુજરાત નંબર–૧ છે. અને મારે કેન્દ્ર પાસે ભીખનો કટોરો લઈને જવાની જરુર નથી તેમ કહી મોટા પેકેજો આપે છે પરંતુ જયારે હીરા ઉદ્યોગો અને નાના ઉદ્યોગકારોને પેકેજ આપવાની વાત આવે છે કે જે તેમની જવાબદારી છે ત્યારે મુખ્યમંત્રીશ્રી કહે છે કે,કેન્દ્ર પાસે માંગણી અને રજુઆત કરી છે. તેનો વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ અવાજ ઉઠાવશે તથા હીરા ઉદ્યોગ અને નાના ઉદ્યોગકારો માટે પેકેજ આપવાની માંગણી કરશે. ગુજરાત સરકાર જયારે લેખાનુદાન(વોટ ઓન એકાઉન્ટ) રજુ કરવા જઈ રહી છે ત્યારે હાલના સમયમાં જરુરી એવી રાહતો આપવી જોઈએ તેવી પણ વિરોધપક્ષ તરફથી માંગણી રહેવાની છે. સમગ્ર દેશમાં મીનીમમ સ્લેબ કરતાં વધારે વેલ્યુએડેટ ટેક્ષ( વેટ) નથી પરંતુ ગુજરાત સરકાર અતિશય વધારે વેલ્યુએડેડ ટેક્ષ(વેટ) પ્રજા પાસેથી લઈ રહી છે. હાલમાં મંદીનું વાતાવરણ હોય વેલ્યુએડેડ ટેક્ષ(વેટ)ના ઘટાડાની રાજય સરકાર જાહેરાત કરે તેવી માંગણી પણ કોંગ્રેસ તરફથી ઉઠાવવામાં

આવશે. જો પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં (ટેક્ષ) રાહતો આપવામાં આવે તો પેટ્રોલ અને ડિઝલમાં રુપિયા ૫ થી ૮ સુધીનો ઘટાડો થઈ શકે તેમ છે. કેન્દ્ર સરકારે વૈશ્વિક મંદીની અસરના સમયે નાના અને મધ્યમ ઉદ્યોગો અને આમ જનતાને મદદરુપ થવા અનેકવિધ પગલાંઓ લીધા છે. જયારે ગુજરાત સરકારે વાણી વિલાસ સિવાય કશુંજ કર્યુ નથી અને તેથી કોંગ્રેસપક્ષ તરફથી વિધાનસભામાં એવી માંગણી રહેશે કે, ગુજરાત સરકાર નકકર પગલાંઓ ભરે. ભૂતકાળમાં વિધવા બહેનોને આસાનીથી પેન્શન મળી શકતું હતું પરંતુ હવે પેન્શન મેળવવા માટે વિધવા બહેનોને રેશનકાર્ડથી માંડીને વૃક્ષો ઉગાડવા સુધીના અનેકવિધ વિઘ્નોમાંથી પસાર થવું પડતું હોવાથી વિધવા બહેનોને પેન્શન મળી શકતું નથી તેમજ વિધવા બહેનોના પેન્શનમાં વધારો પણ કરવામાં આવ્યો નથી જે અંગે કોંગ્રેસપક્ષ વિધાસભામાં અવાજ ઉઠાવશે. બહુમતીના જોરે ચલાવવામાં આવતી સરમુખત્યારશાહી અને સત્તાનું કેન્દ્રીકરણ કરીને માન. મુખ્યમંત્રીશ્રી શિક્ષણથી લઈને અનેક ક્ષેત્રોમાં બિન લોકશાહી હસ્પક્ષેપ કરી રહયા છે તેનો વિરોધ કોંગ્રેસપક્ષ ધ્વારા વિધાનસભામાં કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના અહમના પોષણ માટે યોજાતા સંમેલનો અને કાર્યક્રમોમાં સમગ્ર તંત્રને રોકી રાખવામાં આવે છે. અને પ્રજાકીય પ્રશ્નોની હાલકી સર્જાય છે. આ સંમેલનોમાં ગુજરાતની જનતા માટે તહેનાત રહેતી બસોને કોઈપણ જાતની વૈકલ્પિક વ્યવસ્થા વગર ખેંચી લેવામાં આવે છે અને તેથી ગુજરાતના મુસાફરોને પારાવાર મુશ્કેલીઓનો સામાનો કરવો પડે છે.

રાજય સરકારની ઉદાસીનતા અને અણઆવડતને કારણે રાજયમાં જયારે કમળા જેવો રોગ ફાટી નીકળયો છે ત્યારે તંત્રને તેની ગંભીરતાની સહેજ પણ ચિંતા નથી.

રાષ્ટ્રીય યુવા નેતાશ્રી રાહુલ ગાંધીના ગુજરાતના પ્રવાસ દરમ્યાન ગુજરાતના યુવાનો, વિદ્યાર્થીઓ, અને આમ જનતાએ જે પ્રેમ , સહકાર અને ઉલ્લાસપુર્ણ સ્વાગત કર્યુ  તે બદલ ગુજરાતની જનતા તથા મિડીયાના મિત્રો પ્રત્યે આભારની લાગણી વ્યકત  કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારે લેખાનુદાન(વોટ ઓન એકાઉન્ટ) રજુ કરેલું છે અને આ પુર્ણ કદનું બજેટ નહી હોવા છતાં લેખાનુદાન સમયે  દેશની જનતા માટે અનેકવિધ રાહતો આપવામાં આવી છે. જે આવકારદાયક છે. ભાજપની આગેવાની નીચેની કેન્દ્ર સરકાર હતી ત્યારે દેશમાં જી.ડી.પી.(ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડકટસ)નો દર ૭.૫% હતો પરંતુ ત્યારપછીની યુ.પી.એ.ની સરકારમાં  ચાર વર્ષના પ્રસાશનમાં જી.ડી.પી.નો  દર ૯% કરતાં વધારે રહયો છે. જે ઐતિહાસિક વિકાસનું પ્રમાણ છે. નાણાંકીય ખાધ ફિસ્કર ડેફીસીટ જે ભા.જ.પ.ના શાસનમાં  સન– ૨૦૦૩– ૦૪માં ૪.૫ % હતું તે ઘટીને ૨.૭% થઈ ગઈ છે. જયારે મહેસુલી ખાદ્ય ભાજપના શાસનમાં ૩.૬ % હતી તે ઘટીને સન–૨૦૦૭–૦૮માં ૧.૧% થઈ ગઈ છે. કેન્દ્રની યુ.પી.એ. સરકારે ભૂતકાળમાં કદીયે ફાળવણી કરી ન હોય તેવી રક્ષા વિભાગ માટે રુા.૧,૪૧,૭૦૩/–કરોડ રુપિયાની કરી છે. જે બતાવે છે કે, આતંકવાદ( દુશ્મનો) સામે લડવા માટે યુ.પી.એ. સરકારની કટીબધ્ધતા છે. પોસ્ટ અને પ્રિ શિપમેન્ટ ક્રેડીટમાં વ્યાજનો બે ટકાનો ઘટાડો કરવાનો યુ.પી.એ. સરકારનો નિર્ણય નાના અને મધ્યમ ઉદ્યોગો અને તેમ પણ ખાસ કરીને રોજગારી ઉત્પન કરનાર ઉદ્યોગો જેવા કે ટેક્ષટાઈલ,હેન્ડી ક્રાફટસ, હેન્ડલૂમ, કારપેટસ, ચર્મ ઉદ્યોગ, હીરા અને ઝવેરાત તથા દરિયાઈ વસ્તુઓના ઉદ્યોગોને ખાસ લાભો મળશે. આ માટે રુપિયા ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખાદ્ય પદાર્થો ખાતર અને પેટ્રોલીયમ પદાર્થોમાં ખાસ સબસીડી માટે રુા.૯૫,૫૭૯/ કરોડ રુપિયાની ફાળવણી કેન્દ્ર સરકારે કરી છે. આમ

**વોટ ઓન એકાઉન્ટ હોવા છતાં લેખાનુદાન) ભારત સરકારે આવકારદાયક પગલાંઓ લીધા છે ત્યારે ગુજરાતની સરકાર પણ લેખાનુદાન વખતે ખાસ પેકેજ અને રાહતો આપે તેવી કોંગ્રેસપક્ષ અપેક્ષા વ્યકત કરે છે.**